
# Indian Red Cross Society
Vadodara District Branch

# St. John Ambulance (India)
Vadodara District Centre

## Annual Report 2022-23

## Mind is everything what do you think you become




Red Cross Building, Opp. Police Parade Ground, Nr. GPO, Raopura, Vadodara 390001
Contact: 0265-2413382, 9099552154, ircsvadodara@gmail.com Web: www.redcrossvadodara.org


जान बचाने के लिए
डॉक्टर होने की ज़रूरत नहीं है
आपको सिर्फ रक्तदान
करने की ज़रूरत है
Indian Red Cross Society
Vadodara

# Blood Centre

## Indian Red Cross Society Vadodara





FF - 101/102/103/104/105-B, Siddhivinayak Complex, Indubhai Patel Marg, Opp. Railway Station West, Alkapuri, Vadodara – 390007

क्या आप चाहते हैं कि... ..!
अपने बच्चे को
हर महीने दो यूनिट रक्त चढ़ाना पडे ....



यदि नहीं तो आज ही अपना
थेलेसीमिया टेस्ट करवाए ....

**Indian Red Cross Society**
**Vadodara**

# ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી, વડોદરા જીલ્લા શાખા

## <u>સને ૨૦૨૨-૨૩નો વાર્ષિક અહેવાલ</u>

અમો ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી, વડોદરા જીલ્લા શાખાના માનદમંત્રી સને ૨૦૨૨–૨૦૨૩ નો વાર્ષિક અહેવાલ અને ઑડિટેડ હિસાબો રજુ કરતાં આનંદ અનુભવીએ છીએ.

| -:ઓફિસ બેરર:- | |
|---|---|
| **પ્રમુખ: (President)**<br>શ્રી એ. બી. ગોર **(IAS)**<br>તા. ૧૭/૧/૨૦૨૨ થી અત્યાર સુધી<br>**(Collector & Dist. Magistrate, Vadodara)** | **અધ્યક્ષ**(Chairman): ડૉ. પ્રવીણ બી. જોશી<br>**ઉપાધ્યક્ષ** (Vice Chairman)**:** શ્રી કૃષાંગ રેવાર<br>**ખજાનચી** (Treasurer): ડૉ. આર. બી. ભેસાણિયા<br>**માનદ મંત્રી** (Hon. Secretary): શ્રીમતી રશ્મિ શાહ |
| **-:સભાસદો:-** | |
| • ડૉ. જગદીશ આર. કામત | • ડૉ. સલોની વૈભવ સંત |
| • ડૉ. ચંદ્રકાંત એમ. શાહ | • ડૉ. યતિશ પી. શાહ |
| • ડૉ. નવનીત વી. ગાંધી | • શ્રી સજ્જનસિંહ કુંપાવત |
| • શ્રી હરેશ પરષોત્તમભાઈ પટેલ | • ડૉ. દિપ્તી કમલેશ પરીખ |
| • શ્રી દીનેશચંદ્ર આર. પંચાલ | • શ્રી તાહેરઅલી અબ્બાસભાઈ જબુઆવાલા |
| • શ્રી વીરેન્દ્ર હરશુખલાલ મંડેરા | • ડૉ. બી. જે. બ્રહ્મભટ્ટ (પ્રતિનિધિ ડભોઈ તાલુકા બ્રાન્ચ) |
| • શ્રી હરેશ પરષોત્તમભાઈ પટેલ | • ડૉ. દિપક પટેલ (પ્રતિનિધિ સાવલી તાલુકા બ્રાન્ચ) |

અહેવાલના વર્ષમાં કારોબારી સમિતિની ૦૭ સભાઓ અને ૦૧ સામાન્ય સભા મળી હતી.

અહેવાલના વર્ષમાં ૩૨ આજીવન સભ્યોની ફી રૂ૩૨,૦૦૦/- એકત્ર કરવામાં આવી છે.

**<u>ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી વડોદરા જીલ્લા શાખાનો ઇતિહાસ</u>:**

ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી એક બિનધાર્મિક, બિનસાંપ્રદાયિક, બિનરાજકીય માનવતાવાદી આંતરરાષ્ટ્રીય સંસ્થા છે. ૯૮ વર્ષ પહેલા સને ૧૯૨૫માં સ્વ. સર સયાજીરાવ ગાયકવાડ સાહેબે ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી, વડોદરા જીલ્લા શાખાની સ્થાપના કરી હતી. સંસ્થાના મકાન માટે સને ૧૯૫૯માં વડોદરા મ્યુનિસિપલ કૉર્પોરેશન તરફથી રાવપુરા, ખારીવાવ રોડ, જે રેડ ક્રોસ રોડના નામથી ઓળખાય છે ત્યાં સંસ્થાને વાર્ષિક રૂ. ૧/-ના નજીવા ભાડાથી ૯૯ વર્ષ માટે જમીન મળેલ છે. શ્રી મુસ્તાક એમ. હકીમ તરફથી રૂ. ૧૦,૦૦૦/-નું દાન મળતા આ જમીન પર રેડ ક્રોસ સોસાયટીનું મકાન બાંધવામાં આવ્યું.

## સને ૨૦૨૨ -૨૦૨૩ ના વર્ષમાં કરવામાં આવેલી પ્રવૃત્તિઓ

**વિવિધ ખાસ દિવસોની ઉજવણી થકી જાગૃતિ કાર્યક્રમ:**

**(A) વિશ્વ રેડ ક્રોસ અને થેલેસીમિયા દિવસની ઉજવણી:** ૮મી મે વિશ્વ રેડ ક્રોસ અને થેલેસીમિયા દિવસની ઉજવણીના ભાગ રૂપે સવારે રેડ ક્રોસ ઓફિસ ખાતે રકતદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ૧૭ લોકો એ રક્ત દાન કર્યું હતું. આ ઉપરાંત સાંજે મહારાજા સયાજી રાવ યુનીવર્સિટી - ફેકલ્ટી ઓફ ટેકનોલોજી સ્થિત ઓડિટોરિયમ ખાતે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું જેમકે સંસ્થા દ્વારા લોકોપયોગી સમજકલ્યાણને લગતી વિવિધ પ્રવૃત્તિઓ વિષે માહિતી, રેડ ક્રોસને મદદ કરનાર દાતાશ્રીઓનું સન્માન કરવામાં આવ્યું, તેમજ જે સંસ્થાઓ, કંપનીઓ તેમજ શૈક્ષણિક સંસ્થાઓ રેડ ક્રોસ દ્વારા ચાલતા વિવિધ પ્રોજેક્ટમાં મદદ રૂપ થાય છે તેઓનું પણ મોમેન્ટમ આપી સન્માન કરવામાં આવ્યું, થેલેસીમિયા વિષે જાગૃતિ લાવવા નાટ્ય પ્રસ્તુતિ રજૂ કરવામાં આવી. તેમજ કાર્યક્રમમાં હાજર તમામ ૨૯૬ લોકોને જાસૂદના છોડ આપવામાં આવ્યા હતા.






**(B) વિશ્વ તંબાકુ નિષેધ દિવસ:** સમાજમાં ઘણા લોકો તંબાકુના વ્યસનથી મુક્ત થવા માંગે છે પરંતુ તંબાકુ છોડવા ઘણા પરિબળો અવરોધી બને છે જેમ કે માનસિક, શારીરિક, સામાજિક. તો જે લોકો વ્યસનમુક્ત થવા માંગે છે તેવા લોકો માટે વેબીનારનું આયોજન કરવામાં આવ્યું જેમાં ૧૮ લોકોએ ભાગ લીધો. વડોદરા જિલ્લા પંચાયત વ્યસનમુક્તિ શાખાના સોશિયલ વર્કર દ્વારા મહત્વપૂર્ણ મુદ્દાઓ વિષે જાણકારી આપવામાં આવી. તદ્ઉપરાંત વ્યસનમુક્ત થવા માંગતી વ્યક્તિની આસપાસના લોકો મિત્રો, પરિવારના સભ્યો, ઓફિસમાં મેનેજમેન્ટ વગેરે માટે પણ મહત્વપૂર્ણ ટિપ્સ આપવામાં આવી જેથી તંબાકુથી વ્યસનમુક્ત થવું સરળ બનાવી શકાય.

**(C) યુવા દિવસની ઉજવણી:** ૧૨ જાન્યુઆરી સ્વામીવિવેકાનંદ જન્મ જયંતી (યુવા દિવસ) નિમિત્તે મહાલક્ષ્મી હોમીઓપેથીના કોલેજમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ માટે રામકૃષ્ણ પરમહંસ સંસ્થા સાથે જોડાએલ સ્વામીજી દ્વારા ૫૫ વિદ્યાર્થીઓને જાગૃત કરવામાં આવ્યા.



**(D) વિશ્વ ક્ષય દિવસની ઉજવણી:** વિશ્વ ક્ષય દિવસની ઉજવણીના ભાગરૂપે વડોદરા ટીબી સેલ દ્વારા વૃદ્ધોની સારસંભાળ કોર્સના તાલીમાર્થીઓ ને ક્ષય વિષે સવિસ્તાર માહિતી આપવામાં આવી. ખાસ કરીને ક્ષયના લક્ષણો, તેની સારવાર, ક્ષયના દર્દીની સેવા કરનાર વ્યક્તિએ રાખવાની તકેદારી વિષે સમજણ આપવામાં આવી જેમાં ૨૪ લોકોએ ભાગ લીધો.



**(E) વિશ્વ પ્રાથમિક સારવાર દિવસ:** વિશ્વ પ્રાથમિક સારવાર દિવસ નિમિત્તે તારીખ ૧૦/૯/૨૦૨૨ (સપ્ટેમ્બર મહિનાના બીજા શનિવાર)ના રોજ ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી વડોદરા દ્વારા યુનિવર્સિટી હેલ્થસેન્ટરના સહયોગથી મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ માટે



પ્રમાણિત CPR તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કુલ ૧૧૭ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. નિષ્ણાતોની દેખરેખ હેઠળ ટ્રેનિંગમાં ભાગ લેનાર તમામ ને મેક્વિનની મદદથી પ્રેક્ટિકલ જ્ઞાન આપવામાં આવ્યું હતું.

અહેવાલના વર્ષમાં વિવિધ દિવસોની ઉજવણીમાં કુલ ૫૧૦ લોકોએ ભાગ લીધો

**પ્રાથમિક સારવાર અંગે જાગૃતિ કાર્યક્રમ**: પ્રાથમિક સારવાર અંગે જાગૃતિ કાર્યક્રમ યોજવાનો હેતુ અકસ્માત, ઇજા તથા બીમારીના સમયે થતી પીડા/તકલીફને રોકવાનો અથવા તકલીફમાં વધારો ન થાય તે છે. પ્રાથમિક મદદનો વ્યાપ વધારવાના હેતુથી શાળા, કૉલેજ તેમજ સામાજિક સંયસ્થા વગેરે જેવાં વિવિધ ૪ સ્થળો પર પ્રાથમિક સારવાર જાગૃતિ કાર્યક્રમ કરવામાં આવ્યાં. અહેવાલના વર્ષમાં કુલ ૨૭૯ લોકોને પ્રાથમિક સારવાર અંગે જાગૃતિ આપવામાં આવી હતી.



**રક્તદાન શિબિર**: ઈન્ડિયન રેડ ક્રૉસ સોસાયટી, વડોદરા જીલ્લા શાખા દ્વારા વડોદરા શહેરની રક્તની જરૂરિયાતને પહોંચી વળવા સંસ્થાના મકાનમાં તેમજ વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ, કંપનીઓ વગેરે જગ્યાઓ પર રક્તદાન શિબિરોનું આયોજન કરવામાં આવે છે. અહેવાલના વર્ષમાં કુલ ૧૮ રક્તદાન કેમ્પ યોજવામાં આવ્યા જેમાં કુલ મળી ૧૧૨૪ યુનિટ રક્ત એકત્રિત થયું જે SSG બ્લડ બૅન્કને આપવામાં આવ્યું.





**રક્તદાન અંગે જાગૃતિ કાર્યક્રમ**: રક્તદાન જાગૃતિ કાર્યક્રમ થકી લોકો સ્વેચ્છાએ રકતદાન કરવા પ્રેરિત થાય તેમજ રકતદાનને લગતી ગેરસમજો દૂર થાય તે હેતુથી જાગૃતિ કાર્યક્રમ કરવામાં આવ્યો જેમાં ૨૦ લોકોએ ભાગ લીધો.



**બાળ આરોગ્ય સ્પર્ધા:** બાળકોને તંદુરસ્ત રાખવા અને બાળ રક્ષક રસીઓ યોગ્ય સમયે બાળકોને આપવા વાલીઓ કાળજી લે તે હેતુ થી તથા રસીકરણનું અને બાળ ઉછેરનું મહત્વ સમજાવવા વાલીઓને પ્રોત્સાહિત કરવા ત્રણ વર્ષ સુધીના બાળકોની **"બાળ આરોગ્ય સ્પર્ધા"** તા ૧૯/૨/૨૦૨૩ ના રોજ યોગનિકેતન સંસ્થાના ખંડમાં યોજવામાં આવી હતી. હરીફાઈમાં **૪૨** બાળકોએ ભાગ લીધો હતો. બાળ રોગ નિષ્ણાત ડૉક્ટરશ્રીઓ દ્વારા બાળકોની શારીરિક તપાસ કરી દરેક વિભાગમાં ચાર ઇનામો જાહેર કરવામાં આવ્યા હતા. નૂતન બાળ શિક્ષણ સંસ્થાની ટીમ દ્વારા પપેટ શો તેમજ રમતો દ્વારા બાળકોને ગમ્મત કરાવવામાં આવી.







## પ્રમાણિત તાલીમ કાર્યક્રમો (Certified Training Programmes)

**(A) પ્રાથમિક સારવારની તાલીમ**: ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી વડોદરા દ્વારા અહેવાલના વર્ષમાં પ્રાથમિક સારવારની કુલ ૯૭ તાલીમ પ્રોગ્રામ કરવામાં આવ્યા જેમાં કુલ મળી ૨૯૭૫ લોકો ને તાલીમ આપવામાં આવી.




**(B) વૃદ્ધોની ઘરે સારસંભાળ કોર્સ (Elderly Home Care Assistant Course)**:ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી વડોદરા દ્વારા ગુજરાત રાજ્ય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય તેમજ નેશનલ હેલ્થ મિશનના સહયોગથી રોજગારલક્ષી ૬૦ દિવસના ટુંકા ગાળાનો "વૃદ્ધોની ઘરે સારસંભાળ" કોર્સની ૪ બેચ કરવાનું નક્કી કરવામાં આવ્યું ગત અહેવાલના વર્ષમાં ૧ બેચ પૂર્ણ થઈ અને બાકીની બેચ હજુ ચાલુ છે. આ કોર્સ તાલીમાર્થીઓ માટે નિ:શુલ્ક હતો. આ કોર્સની તાલીમમાં થીયરી, PPT તેમજ વિડિયો પ્રેઝન્ટેશન સાથે વિવિધ પ્રેક્ટિકલ પદ્ધિતિઓ દ્વારા તાલીમ આપવામાં આવે છે. દરેક તાલીમાર્થી પાસે દરેક સ્કિલને લગતી ફાવટ આવતા સુધી પ્રેક્ટિસ કરાવવામાં આવે છે. સંસ્થા દ્વારા તૈયાર કરવામાં આવેલ બૂકલેટ તાલીમાર્થીઓને આપવામાં આવી. તાલીમ પૂર્ણ કરનાર તમામ ૨૩ તાલીમાર્થીઓને સર્ટિફિકેટ એનાયત કરી સાથે ૬૦૦ રૂપિયા સ્ટાઈપન પણ આપવામાં આવ્યા.

આ કોર્સ કરવા પાછળનો રેડ ક્રોસનો મુખ્ય ઉદ્દેશ્ય એ જ હતો કે વડોદરા શહેર જીલ્લાના નાગરિકોને તાલીમ પામેલ કૅર ટેકર મળી રહે અને બીજી બાજુ જે લોકો કૅર ટેકર તરીકે કામ કરે છે અથવા કામ કરવા માંગે છે તે લોકો તાલીમ લઈ પોતાની કુશળતામાં વધારો કરી શકે.

(C) **હેલ્થ કેર અટેન્ડન્ટ કોર્સ (Health Care Attendant Course):** ઈન્ડિયન રેડ ક્રૉસ સોસાયટી વડોદરા દ્વારા મહિન્દ્રા એકસેલો કંપની, મંજૂસરના સહયોગથી હેલ્થ કેર અટેન્ડન્ટ કોર્સ શરૂ કરવા આહ્વાન કરવામાં આવ્યું અને આ ૬ મહિનાના ફૂલ ટાઈમ કોર્સ શરૂ કરવા રિટાયર્ડ નર્સિંગ પ્રિન્સિપાલ શોભનાબેનની મદદથી કોર્સ તેમજ સંપૂર્ણ કોર્સમાં આપવામાં આવનાર તાલીમ માટે પુસ્તક તૈયાર કરવામાં આવી. ૬ મહિનાની તાલીમમાં ૨૩ વિદ્યાર્થિનીઓને ૩ મહિના ક્લાસરૂમ ટ્રેનિંગ - દિવસ ના ૫ કલાક સોમ થી શનિ અને ૩ મહિના પ્રેક્ટિકલ ટ્રેનિંગ - SSG હોસ્પિટલ ખાતે શ્રીમતી વૃતિબેન પટેલની દેખરેખમાં આપવામાં આવી. કોર્સ પૂર્ણ કર્યા બાદ તમામ તાલીમાર્થીઓને સર્ટિફિકેટ એનાયત કરવામાં આવ્યા. તાલીમ પૂર્ણ કરનાર પૈકી ઘણા વડોદરા શહેરની વિવિધ હોસ્પિટલોમાં નોકરી કરી રહ્યા છે.

રોજગારલક્ષી આ કોર્સમાં આર્થિક સહયોગ થકી કોર્સ પૂર્ણ કરી આર્થિક રીતે પગભર થઈ સ્વમાન ભેર જીવન જીવવા મદદરૂપ થવા ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી વડોદરા મહિન્દ્રા કંપની તેમજ તેમની ટીમની આભારી છે.

(D) **સેફ્ટી ટ્રેનિંગ:** કારખાના ધારા ૧૯૪૮ની કલમ ૧૧૧(એ) અંતર્ગત નિવેદનના વર્ષમાં કંપનીના કામદારો માટે ફાયર સેફ્ટી, એક્સિડન્ટ પ્રિવેન્શન ટેક્નિક (APT), હઝાર્ડ આઇડેન્ટિફિકેશન રિસ્ક અસેસમેન્ટ (HIRA), ફાયર ફાઇટિંગ, 5S, ટ્રાન્સપોર્ટેશન ઓફ હઝાર્ડીયસ કેમિકલ, પરમિટ ટુ વર્ક (PTW) સિસ્ટમ, લૉક આઉટ ટેગ આઉટ (LOTO), ઑકયુપેશનલ હેલ્થ એન્ડ સેફ્ટી, ઈન્હેન્સ સેફ્ટી કલ્ચર વગેરે વિષયો પર કુલ ૩૩૮ લોકોને તાલીમ આપવામાં આવી હતી.




**હેલ્થ ચેકઅપ કેમ્પ:** ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી, વડોદરા દ્વારા GRICL કંપનીમાં ફેક્ટરી એક્ટ ૧૯૪૮ અંતર્ગત કંપનીના કામદારો માટે હેલ્થ ચેકઅપ કરવામાં આવ્યુ તેમજ અરોમા ફાર્મસીના ઉદગાટન પ્રસંગે હાજર લોકોના બીપી, બ્લડ સુગર, BMI વગેરે જેવા ટેસ્ટ કરવામાં આવ્યા હતાં. અહેવાલના વર્ષમાં કુલ બે કેમ્પ મળી કુલ ૨૧૬ લોકોનું હેલ્થ ચેકઅપ કરવામાં આવ્યું હતું.

## થેલેસીમિયા અને સિકલ સેલ સોસાયટી, વડોદરા

થેલેસીમિયા અને સિકલ સેલ એ બંને વારસાગત રોગ છે જે માતા તથા પિતા તરફથી બાળકને મળે છે. જો માતા તથા પિતા બન્ને થેલેસીમિયા માઇનોર (વાહક) હોય તો ૨૫% શક્યતા છે કે બાળક થેલેસીમિયા મેજર (રોગવાળું) જન્મે. એ જ રીતે માતા તથા પિતા બન્ને સિકલ સેલ વાહક હોય તો સિકલ સેલ રોગવાળું બાળક જન્મવાની શક્યતા રહે છે. તેથી જ **લગ્ન વખતે જન્મકુંડળી સાથે લોહીની કુંડળી મેળવવી જરૂરી છે.** થેલેસીમિયા રોગથી પીડાતા દર્દીઓને દર મહિને આશરે બે યુનિટ લોહી ચઢાવવું આવશ્યક છે, જેના કારણે શરીરમાં વધારાનું આયર્ન જમા થાય જેને કાઢવા માટે આયર્ન કિલેટિંગ દવાઓ આપવી પડે અથવા આયર્ન કિલેશનનાં ઈન્જેક્શન આપવાં પડે, જે આશરે ૮ કલાક સુધી ચાલે. બોનમેરો ટ્રાન્સપ્લાન્ટ, સ્ટેમસેલ જેવી ખર્ચાળ સારવાર

ઉપલબ્ધ છે તેમ છતાં રોગ મટવાની સંભાવના પાછળ ઘણા પરિબળો હોય છે તેથી રોગ મટવાની સંભાવના ઓછી છે. ટૂંકમાં આ રોગને થતો અટકાવવો જરૂરી છે; જેના ભાગ રૂપે સંસ્થા દ્વારા (૧) જાગૃતિ અભિયાન (૨) શાળા, કૉલેજમાં વિદ્યાર્થીઓનું રક્ત પરીક્ષણ (૩) પોસ્ટ ટેસ્ટ કાઉન્સેલિંગ (૪) સ્ત્રીરોગ નિષ્ણાત ડૉક્ટરો દ્વારા સગર્ભા સ્ત્રીઓને રક્ત પરીક્ષણ માટે સમજાવી તેઓનું રક્ત પરીક્ષણ કરવામાં આવે છે. (૫) બ્લડ ટ્રાન્સફ્યુઝન સૅન્ટર (૬) થેલેસીમિયા મેજર બાળકો માટે આયર્ન કિલેટિંગ દવા કેલ્ફર, ડેસ્ફેરાલ ઇન્જેક્શન તથા લ્યુકોસાઇટ ફિલ્ટર નજીવા દરે આપવામાં આવે છે.

(A) **બ્લડ ટ્રાન્સફ્યુઝન સૅન્ટર:** થેલેસીમિયા મેજર બાળકોને મહિનામાં આશરે બે વાર લોહી ચઢાવવું પડે છે તેથી તેઓની જરૂરિયાતને ધ્યાનમાં લઈને રેડ ક્રૉસ દ્વારા અદ્યતન સગવડ સાથેનો વાતાનુકૂલિત અને ટીવીની સુવિધા સાથેના બ્લડ ટ્રાન્સફ્યુઝન સૅન્ટરમાં દર બુધવાર અને શુક્રવાર સવારે ૦૮:૩૦ થી બપોરે ૧:૦૦ દરમિયાન બ્લડ ટ્રાન્સફ્યુઝન સેવા વિનામુલ્યે આપવામાં આવે છે. અહેવાલના વર્ષમાં સંસ્થા દ્વારા થેલેસીમિયા બાળકો માટે કુલ ૪૩૧ બ્લડ ટ્રાન્સફ્યુઝન કરવામાં આવ્યાં હતાં.

(B) **થેલેસીમિયા મેજર બાળકો માટે ફિલ્ટર તથા આયર્ન કિલેટિંગ દવા અને ઇન્જેક્શન:** રેડ ક્રૉસ દ્વારા કંપનીઓ, સંસ્થાઓ તથા વ્યક્તિગત ડોનેશન મારફત થેલેસીમિયા મેજર બાળકોને જરૂરિયાત પ્રમાણે આયર્ન કિલેટિંગ દવા કેલ્ફર, ડેસ્ફેરાલ ઇન્જેક્શન, લ્યુકોસાઇટ ફિલ્ટર વગેરે આપવામાં આવે છે. ગત વર્ષમાં કુલ ૧૩૦ કેલ્ફર, ૨૪ ડેસ્ફેરાલ ઈન્જેક્શન અને ૧૪૭ લ્યુકોસાઇટ ફિલ્ટર આપવામાં આવ્યાં હતાં.

(C) **થેલેસીમિયા અને સિકલ સેલ સ્ક્રીનિંગ:** કેટલીક યુનિવર્સિટી તથા કૉલેજોમાં, સેટેલાઈટ સેન્ટરમાં, પ્રાઈવેટ ગાયનેક હોસ્પિટલોમાં થેલેસીમિયા અને સિકલ સેલ પરીક્ષણ કરવામાં આવે છે ઈન્ડિયન રેડ ક્રૉસ સોસાયટી, વડોદરા જીલ્લા શાખા દ્વારા અહેવાલના વર્ષમાં કુલ ૧૮૯૫૮ લોકોનું રક્ત પરીક્ષણ કરવામાં આવ્યું. જે પૈકી થેલેસીમિયા માઇનોર તથા સિકલ સેલ વાહક હતાં તેઓનું પોસ્ટ કાઉન્સેલિંગ કરવામાં આવ્યું. આ કાર્યક્રમ અંતર્ગત સગર્ભાઓ જેમના ગર્ભની તપાસ કરતાં ગર્ભ થેલેસીમિયા મેજર અથવા સિકલ સેલ રોગી માલૂમ પડતાં અહેવાલના વર્ષમાં કુલ ૨ રોગી બાળકોનાં જન્મ રોકવામાં આવ્યાં.

**<u>અહેવાલના વર્ષમાં થેલેસીમિયા અને સિકલસેલ પરીક્ષણની આંકડાકીય માહિતી</u>**

| | |
|---|---|
| કૉલેજ તથા યુનિવર્સિટીના વિદ્યાર્થીઓના થેલેસીમિયા રક્ત પરીક્ષણ | ૧૭૫૯૩ |
| સ્ત્રીરોગ નિષ્ણાતોને ત્યાં થયેલ થેલેસીમિયા રક્ત પરીક્ષણ | ૪૩૨ |
| સેટેલાઈટ સેન્ટરમાં થએલ થેલેસીમિયા રક્ત પરીક્ષણ | ૯૩૩ |
| **કુલ** | **૧૮૯૫૮** |




(D) **<u>થેલેસીમિયા અને સિકલ સેલ જાગૃતિ અભિયાન</u>:** થેલેસીમિયા અને સિકલ સેલ રોગને અટકાવવાના પ્રયાસ રૂપે થેલેસીમિયા જાગૃતિ કાર્યક્રમ યોજવામાં આવ્યો જેમાં ૨૦ લોકોએ ભાગ લીધો.

(E) **<u>થેલેસીમિયા અને સિકલ સેલ પોસ્ટ કાઉન્સેલિંગ</u>:** થેલેસીમિયા અને સિકલ સેલના રક્ત પરીક્ષણના રિપોર્ટમાં થેલેસીમિયા માઇનોર, સિકલ સેલ ટ્રેઈટ, આયર્ન ડેફિસિયન્સી એનિમિયા હોય અથવા અન્ય હિમોગ્લોબિનોપથી હોય તેવા વિદ્યાર્થીઓનું તેમજ સગર્ભા સ્ત્રીઓનું અને તેમનાં ફૅમિલીનું પોસ્ટ ટેસ્ટ કાઉન્સેલિંગ કરવામાં આવે છે. અહેવાલના વર્ષમાં ૬૮ લોકોનું પોસ્ટ ટેસ્ટ કાઉન્સેલિંગ કરવામાં આવ્યું.



**<u>યૂથ રેડ ક્રોસને લગતી પ્રવૃત્તિઓ</u>:** નિવેદનના વર્ષમાં કુલ ૩ કોલેજો બેન્કર્સ નર્સિંગ ઇન્સ્ટિટ્યૂટ, શ્રી મહાલક્ષ્મી હોમિયોપેથી મેડિકલ કોલેજ તેમજ પાયોનિયર કોલેજના મળી કુલ ૧૧૪૪ વિદ્યાર્થીઓ યૂથ રેડ ક્રોસના સભ્ય બન્યા. જેમાંથી નિવેદનના વર્ષમાં ૩૮૫ વિદ્યાર્થીઓને CPR ની તાલીમ આપવામાં આવી








**<u>ફેમિલી ક્લિનિક</u>**: વર્તમાન સમયમાં નાગરિકોને ગુણવત્તાભર તબીબી સારવાર મળે એવા સેવાકીય અભિગમ સાથે સામાન્ય રોજિંદી બીમારી સાથે ડાયાબિટીઝ, હાઇબ્લડપ્રેશર, ટી.બી., બાળરોગો, ચામડીના રોગોની સારવાર, વેક્સિનેશન, અમુક સંજોગોમાં દવા કરતાં કાઉન્સેલિંગની જરૂર પડે વગેરે સેવાઓ તદ્દન રાહત દરે મળે તે હેતુથી સંસ્થાના મકાનમાં દર **સોમવારે, બુધવારે, શુક્રવારે**



સવારે ૧૧:૩૦ થી બપોરે ૦૧:૩૦ દરમિયાન ફેમિલી ક્લિનિક ચલાવવામાં આવે છે. આ ક્લિનિકમાં એલોપેથીના નિષ્ણાત **ડૉ. કિરણ શીંગ્લોત**, સેવા આપે છે. ૧૨ વર્ષ સુધીનાં **બાળકોને વિના મુલ્યે સારવાર આપવામાં આવે છે.** અહેવાલના વર્ષમાં કુલ ૪૭૯ લોકોએ ફેમિલી ક્લિનિકની સેવાનો લાભ લીધો હતો.

**લેબોરેટરી ટેસ્ટ:** સંસ્થામાં સોમવાર થી શનિવાર, સવારે ૮:૩૦ થી રાત્રે ૬ દરમિયાન વિવિધ પ્રકારના લેબોરેટરી ટેસ્ટ રાહત દરે ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી, ગુજરાત રાજ્ય શાખાની NABL સર્ટિફાઇડ લેબોરેટરીના સહયોગથી કરી આપવામાં આવે છે. વર્ષ દરમિયાન કુલ ૩૫૨૦ લોકોએ આ સેવાનો લાભ લીધો હતો.



**એવોર્ડસ**: વર્ષ ૨૦૨૧-૨૨ ના વર્ષ માટે ગુજરાત ખાતે પ્રાથમિક સારવારની તાલીમ કરવા બદલ બીજું સ્થાન પ્રાપ્ત કરવા બદલ ગુજરાત રાજ્ય શાખા તરફથી પ્રથમ એવોર્ડ મળ્યો હતો.



## વર્ષ ૨૦૨૨-૨૩ના લાભાર્થીઓની સંખ્યા

| અનુ. નં. | કાર્યક્રમની વિગત | લાભાર્થીઓની સંખ્યા ૨૦૨૨-૨૩ | લાભાર્થીઓની સંખ્યા ૨૦૨૧-૨૨ |
|---|---|---|---|
| ૧. | વિવિધ વિષયો પર વેબીનાર દ્વારા જાગૃતિ કાર્યક્રમ | ૫૧૦ | ૧૧૨ |
| ૨. | ફર્સ્ટ એઇડ જાગૃતિ કાર્યક્રમ | ૨૭૯ | ૩૬૩ |
| ૩. | રક્તદાન શિબિરમાં રક્તદાતાઓ | ૧૧૨૪ | ૩૯૭ |
| ૪. | રક્તદાન અંગે જાગૃતિ કાર્યક્રમ | ૨૦ | ૪૦ |
| ૫. | બાળ આરોગ્ય સ્પર્ધા | ૪૨ | - |
| ૬. | પ્રાથમિક સારવારની તાલીમ | ૨૯૭૫ | ૫૬૨ |
| ૭. | વૃદ્ધોની ઘરે સારસંભાળ કોર્સ | ૨૩ | ૪૭ |
| ૮. | હેલ્થ કેર અટેન્ડન્ટ કોર્સ | ૨૩ | |
| ૯. | સેફ્ટી ટ્રેનિંગ | ૩૩૮ | ૨૪૦ |
| ૧૦. | હેલ્થ ચેકઅપ કેમ્પ | ૨૧૬ | ૩૩૮ |
| ૧૧. | બ્લડ ટ્રાન્સફ્યુઝન સેન્ટર | ૪૩૧ | ૫૩૦ |
| ૧૨. | થેલેસીમિયા મેજર બાળકો માટે આયર્ન  કિલેટિંગ દવા કેલ્ફર | ૧૩૦ | ૧૭૫ |
| ૧૩. | થેલેસીમિયા મેજર બાળકો માટે ડેસ્ફેરાલ ઈન્જેક્શન | ૨૪ | ૧૦૩ |
| ૧૪. | થેલેસીમિયા મેજર બાળકો માટે લ્યુકોસાઇટ ફિલ્ટર | ૧૪૭ | ૧૩૫ |
| ૧૫. | થેલેસીમિયા અને સિકલ સેલ સ્ક્રીનિંગ | **૧૮૯૫૮** | ૭૬૧૬ |
| ૧૬. | થેલેસીમિયા અને સિકલ કાઉન્સેલિંગ | ૨૦ | - |
| ૧૭. | થેલેસીમિયા અને સિકલ સેલ પોસ્ટ ટેસ્ટ કાઉન્સેલિંગ | ૬૮ | ૧૯ |
| ૧૮. | **યૂથ રેડ ક્રોસને લગતી પ્રવૃત્તિઓ** | ૩૮૫ | - |
| ૧૯. | ફેમિલી  ક્લિનિક | ૪૭૯ | ૬૩૪ |
| ૨૦. | લેબોરેટરી ટેસ્ટ | ૩૫૨૦ | ૨૮૦૦ |
| | **કુલ  લાભાર્થીઓ** | **૨૯૭૧૨** | **૧૪૧૧૧** |

ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી, વડોદરા જીલ્લા શાખા મારફત ચાલતી વિવિધ જનસેવા કાર્યક્રમમાં યોગદાન આપનાર નીચે જણાવેલ સંસ્થાઓ અને દાતાઓના અમો આભારી છીએ:

- મહિન્દ્રા એકસેલો કંપની, મંજૂસર દ્વારા CSR અંતર્ગત હેલ્થ કેર એટેન્ડન્ટ કોર્સની પ્રથમ બેચ કરવા માટે વર્ષ ૨૦૨૨-૨૩ માટે રૂ. ૩,૯૦,૦૦૦/- ની ગ્રાન્ટ.
- શ્રી રમેશભાઈ પટેલ (UK) તરફથી થેલેસીમિયા પ્રોજેક્ટ માટે રૂ. ૧૫૦૦૦/-નું દાન
- શ્રી સંતોકબેન મોહનલાલ સ્વાદિયા ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા થેલેસીમિયા પ્રોજેક્ટ માટે રૂ. ૧૨,૦૦૦/-નું દાન
- શ્રી હરકિશન કાંતિલાલ શાહ દ્વારા થેલેસીમિયા પ્રોજેક્ટ માટે રૂ. ૧૦,૦૦૦/-નું દાન
- કૃતિકા ખંડેરાવ સાવંત દ્વારા થેલેસીમિયા પ્રોજેક્ટ માટે રૂ. ૧૦,૦૦૦/-નું દાન
- ડૉ વિભૂતિ પ્રેયસ શાહ દ્વારા થેલેસીમિયા પ્રોજેક્ટ માટે રૂ. ૧૦,૦૦૦/-નું દાન
- વડોદરા મહાનગર સેવાસદન દ્વારા રૂ. ૧૦,૦૦૦/-નું દાન
- મેસર્સ રામીન દ્વારા થેલેસીમિયા પ્રોજેક્ટ માટે રૂ. ૮,૦૦૦/-નું દાન
- ડૉ. બી. એન. શાહ દ્વારા થેલેસીમિયા પ્રોજેક્ટ માટે રૂ. ૫,૦૦૦/- નું દાન
- ઓમ એક્સિમ ડિસ્ટ્રિબ્યૂશન પ્રાઇવેટ લિમિટેડ દ્વારા થેલેસીમિયા પ્રોજેક્ટ માટે રૂ. ૫,૦૦૦/-નું દાન
- શ્રી રાજેશ જયંતીલાલ શાહ દ્વારા થેલેસીમિયા પ્રોજેક્ટ માટે રૂ. ૫,૦૦૦/-નું દાન
- ડૉ. અશોક લૂકતુકે દ્વારા થેલેસીમિયા પ્રોજેક્ટ માટે રૂ. ૫,૦૦૦/-નું દાન
- શ્રી મિશેલ પફલમમ (જર્મની) દ્વારા થેલેસીમિયા પ્રોજેક્ટ માટે રૂ. ૫,૦૦૦/-નું દાન
- ડૉ. કૈલાશબેન મહેશભાઇ પરિખ દ્વારા થેલેસીમિયા પ્રોજેક્ટ માટે રૂ. ૫,૦૦૦/-નું દાન
- શ્રી રમેશ પટેલ દ્વારા મેડિકલ સર્વિસ માટે રૂ. ૫,૦૦૦/-નું દાન
- ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી, ગુજરાત રાજ્ય શાખાની થેલેસીમિયા તેમજ અન્ય સ્ટાફ મેમ્બર્સનો થેલેસીમિયા અને સિકલ સેલ તેમજ લેબોરેટરી તથા અન્ય પ્રોજેકટમાં સહયોગ આપવા બદલ આભાર.
- આ સિવાય અહેવાલના વર્ષમાં સંસ્થાની વિવિધ પ્રવૃત્તિઓ યોજવા યોગદાન આપનાર સંસ્થાનો, દાતાઓ, ઉપરાંત સ્થાનિક વર્તમાનપત્રો તથા સ્થાનિક ન્યૂઝ ચેનલોના વ્યવસ્થાપકો સંસ્થાના કાર્યોનો પ્રચાર કરે છે, તેઓનો આભાર.
- અંતે રેડ ક્રોસને મદદ કરતાં ડૉક્ટર મિત્રો અને સંસ્થાના કાર્યવાહક મંડળના સભાસદો, સંસ્થાના સ્વયંસેવકો વગેરે સંસ્થાની પ્રગતિમાં વખતોવખત મદદ કરે છે. તેઓના પણ અમો આભારી છીએ.

વડોદરા

શ્રીમતી રશ્મિ શાહ
માનદ મંત્રી

C. I. SHAH & CO
CHARTERED ACCOUNTANTS

CA CHANDRESH I. SHAH
L.L.B.(SP), F.C.A., D.I.S.A.(ICAI)
CA PIYUSH I. SHAH
B.COM. (HONS), F.C.A., D.I.S.A. (ICAI)
CA NIKESH H. SHAH
M.COM., F.C.A., C.S., C.W.A. (INTER)

To,
The Members
THE INDIAN RED CROSS SOCIETY,
Vadodara District Centre,
Vadodara

We have audited the attached balance sheet and Income & Expenditure account of INDIAN RED CROSS SOCIETY, VADODARA for the year ended on 31st March 2023. These financial statement are the responsibility of the District Centre; our responsibility is to express an opinion on these financial statement based on our audit report.

We report as under:

1. We have obtained all the information and explanations, which in our opinion were necessary for the purpose of the audit.

2. In Our opinion, proper books of accounts as required by law have been kept by Society; so far as it appears from our examination of the books

3. The Balance Sheet and Income & expenditure accounts dealt with by this report are in agreement with books of account maintained by the District Centre.

4. In Our Opinion and to the best of our information and according to the Explanations given to us, the annexed accounts give true and fair views:

   - In the case of Balance sheet of the state of affairs of THE INDIAN RED CROSS SOCIETY, VADODARA as on 31st March 2023.

   - In the case of Income & Expenditure account of the Surplus for the year ended on 31st March 2023.

For C.I.Shah & Co.
Chartered Accountants

CA Chandresh I. Shah
Partner (M. No. – 045212)

Dated: 19th Oct 2023
Place: Vadodara

Unique Document Identification Number UDIN : 23045212BGWYDL8703

"Radha Krishna" GF-1, Nand Complex, Opp. Faculty of Technology, Shankar Tekari, Dandia Bazar, Vadodara - 1.
63516 54493 | 94278 41501 | 97225 75189
ca_cishah@hotmail.com | canikeshshah@gmail.com

# INDIAN RED CROSS SOCIETY, VADODARA DISTRICT BRANCH

## INCOME & EXPENDITURE ACCOUNT FOR THE YEAR ENDED ON 31st MARCH 2023

| EXPENDITURE | AMOUNT | AMOUNT | INCOME | AMOUNT | AMOUNT |
|---|---|---|---|---|---|
| | | | | | |
| **BUILDING EXPENSES :** | | 121,665.00 | **INTEREST :** | | 292,337.00 |
| Municipal Taxes / Water Chargers A/c | 10,932.00 | | On FD with Bank A/c | 169,810.00 | |
| Electricity Charges A/c | 43,318.00 | | On Saving Bank A/c | 122,527.00 | |
| Depreciation A/c | 67,415.00 | | | | |
| **ESTABLISHMENT EXPENSES :** | | 2,044,652.52 | **SAFETY TRAINING PROGRAM:** | | 302,400.00 |
| **(As per Schedule : A)** | | | Safety Training Fees A/c | | |
| **AUDIT FEES :** | | 12,449.00 | **BLOOD DONATIONS :** | | 1,500.00 |
| **EXPENDITURE ON OBJECT OF THE SOCIETY :** | | | **FIRST AID CLASS INCOME:** | | 4,849,079.00 |
| **Medical Relief** | | | Combo Training Program A/c | 20,000.00 | |
| Medical Services A/c | 192,547.00 | | First Aid Awareness Programme Fees | 2,691,702.00 | |
| Renovation, Repair & Maintenance A/c | 515,100.00 | | Fir Aid Training Fees | 1,949,800.00 | |
| Community Service Exp | 2,532,672.00 | 3,240,319.00 | Travelling A/c | 187,577.00 | |
| | | | | | |
| **Blood Centre Rent** | | 165,400.00 | **MEDICAL SERVICE INCOME** | | 99,070.00 |
| **SAFETY TRAINING PROGRAM:** | | 82,000.00 | Health Awareness Programme | 16,000.00 | |
| Safety Honorarium A/c | | | Medical Check-Up Fees | 52,920.00 | |
| **FIRST AID CLASS EXPENSES:** | | | Medical Service Income A/c | 30,150.00 | |
| Doctor Honorarium A/c | 1,234,600.00 | 1,820,801.00 | | | |
| Travelling A/c | 396,210.00 | | **OTHER INCOME** | | 2,379,130.00 |
| Food/Hotel A/c | 189,991.00 | | Thalassemia Blood Transfusion | 118,950.00 | |
| | | | Thalassemia Society Income A/c | 1,862,780.00 | |
| **EXCESS OF INCOME OVER EXPENSES** | | **436,229.48** | Healthcare Attendant Course | 393,000.00 | |
| | | | Elderly Care Assistant Course | 4,400.00 | |
| | | | | | |
| **TOTAL RS.** | | **7,923,516.00** | **TOTAL RS.** | | **7,923,516.00** |

As per Our report of even date annexed

For C. I. SHAH & CO.
Chartered Accountants
Firm Reg.No 111862 W
UDIN : 23045212BGWYDL8703

(CA CHANDRESH I.SHAH)
Partner (M. No. – 045212)
Auditor

The above balance sheet to the best of my/ our belief contains a trust account of funds, liabilities and of the properties and assets of the trust
For The Indian Red Cross Society, Vadodara District Branch

For Indian Red Cross Society

Dated : 19/10/2023
AT: Vadodara

Indian Red Cross Society, Vadodara

Hon. Secretary   Treasurer   Chairman

# INDIAN RED CROSS SOCIETY, VADODARA DISTRICT BRANCH

## BALANCE SHEET AS AT 31ST MARCH 2023

| FUNDS AND LIABILITIES | AMOUNT | AMOUNT | ASSETS | AMOUNT | AMOUNT |
|---|---|---|---|---|---|
| **PATRON MEMBERSHIP FUND:** | | 17,500.00 | **FIXED ASSETS:**<br>(As per Schedule 'B') | | 1,102,523.00 |
| **VICE PATRONSHIP FUND:** | | 5,489.00 | **INVESTMENTS :**<br>FDR with Bank (B.O.B)<br>(As per Schedule : C)<br>Accured Interest on FDR with BOB | <br>3,325,000.00<br><br>1,538.00 | 3,326,538.00 |
| **LIFE MEMBERSHIP FUND:** | | 198,559.00 | | | |
| **ASSOCIATE LIFE MEMBERSHIP FUND:** | | 4,906.60 | **DEPOSITS :**<br>MGVCL Electricity Deposit<br>M/s. Amis Oxygen Pvt. Ltd.<br>Security Deposit For Rent (Refundable) | <br>25,115.00<br>4,000.00<br>12,000.00 | 41,115.00 |
| **OTHER EARMARKED FUND:**<br>(As per Schedule : E) | | 9,924,495.55 | **DEBTORS :**<br>(as per Schedule 'D') | | 1,122,223.00 |
| **Liabilities:**<br>Sundry Creditors (As per Schedule : F)<br>Provision for Professional Tax | | <br>2,161,876.00<br>- | **CASH & BANK BALANCES :**<br>BOB Raopura Branch (Bank Balance)<br>SB A/c No. 01980100000302<br>SBI Raopura Branch (Bank Balance)<br>SB A/c No. 34905227581<br>Cash On Hand | <br>8,408,819.59<br><br>76,141.00<br><br>693.64 | 8,485,654.23 |
| **INCOME & EXPENDITURE A/C:**<br>Balance As per Last B/s<br>Excess of Income Over Expenditure | <br>2,986,293.10<br>436,229.48 | 3,422,522.58 | **TAX DEDUCTED (TDS)**<br>Balance as per last B/s<br>Add: during the year [ FY 2022-2023]<br>Less: Received during the year | <br>1,037,968.50<br>619,327.00<br>- | 1,657,295.50 |
| **TOTAL RS.** | | **15,735,348.73** | **TOTAL RS.** | | **15,735,348.73** |

As per Our report of even date annexed
For C. I. SHAH & CO.
Chartered Accountants
Firm Reg.No 111862 W

(CA CHANDRESH I.SHAH)
Partner (M. No. – 045212)
UDIN : 23045212BGWYDL8703

C. I. SHAH & CO. MEM. No. 45212 VADODARA

The above balance sheet to the best of my/ our belief contains a trust account of funds, liabilities and of the properties and assets of the trust

For The Indian Red Cross Society, Vadodara District Branch

For Indian Red Cross Society

Dated : 19/10/2023

Indian Red Cross Society, Vadodara

AT: Vadodara

Hon. Secretary   Treasurer   Chairman

## સેંન્ટ જૉન ઍમ્બ્યુલન્સ(ઈન્ડિયા), **વડોદરા જીલ્લા સેંન્ટર**

## **સને ૨૦૨૨-૨૩નો વાર્ષિક અહેવાલ**

અમો સેંન્ટ જૉન ઍમ્બ્યુલન્સ (ઈન્ડિયા), વડોદરા જીલ્લા સેંન્ટરના માનદમંત્રી સને ૨૦૨૧-૨૦૨૨નો વાર્ષિક અહેવાલ અને ઓડિટેડ હિસાબો રજુ કરતાં આનંદ અનુભવીએ છીએ.

અહેવાલના વર્ષમાં કારોબારી સમિતિની ૦૨ સભાઓ અને ૦૧ સામાન્ય સભા મળી હતી.

સેંન્ટ જૉન ઍમ્બ્યુલન્સ (ઈન્ડિયા), વડોદરા અકસ્માતમાં પ્રાથમિક સારવારના તાલીમ વર્ગો ચલાવે છે. તાલીમ આપનાર ટ્રેનર તબીબોની ભણાવવાની રીત, પ્રોજેક્ટર, પાવર પૉઈન્ટ પ્રેઝન્ટેશન, ડેમોસ્ટ્રેશન તથા પરીક્ષા પદ્ધતિ વગેરે અંગે ખાસ ધ્યાન આપવામાં આવે છે. સી.પી.આર.ની તાલીમ મેનેક્વિન દ્વારા આપવામા આવે છે. અહેવાલના વર્ષમાં કુલ ૧૭ ક્લાસ કરવામાં આવ્યાં હતાં તેમાં ૪૩૧ ઉમેદવારોને પ્રાથમિક સારવારની તાલીમ આપવામાં આવી હતી. તેમાંથી ૩૪૧ ઉમેદવારોના સિનિયર સર્ટિફિકેટ, ૬૦ ઉમેદવારોના પાંચ વર્ષના વાઉચર સર્ટિફિકેટ અને ૩૦ ઉમેદવારોના કાયમી સર્ટિફિકેટ (મેડેલિયન) માટે મોકલવામાં આવ્યા.

અહેવાલના વર્ષમાં ૩૨ આજીવન સભ્યો બન્યા હતાં જેની ફી રૂ૩૨,૦૦૦/- એકત્ર કરવામાં આવી હતી.

**આભાર દર્શન:**

અહેવાલના વર્ષમાં અકસ્માતમાં પ્રાથમિક સારવારની તાલીમ આપનાર અને પરીક્ષક ડૉક્ટર મિત્રોનો, જુદી-જુદી કંપનીઓનો, સ્થાનિક વર્તમાનપત્રોના સંચાલકોએ સંસ્થાના પ્રચાર કાર્યમાં સંપૂર્ણ સહાનુભૂતિ બતાવનાર અને સંસ્થાના કાર્યનો પ્રચાર કરનાર દરેકનો આભાર માનીએ છીએ.

અંતમાં સંસ્થાના કાર્યવાહક મંડળના સભ્યો સંસ્થાની પ્રગતિમાં વખતો વખત મદદ કરે છે. તેઓના અમો આભારી છીએ.

ડૉ. પ્રવીણ બી. જોશી
માનદ મંત્રી
સેંન્ટ જૉન ઍમ્બ્યુલન્સ (ઈન્ડિયા), વડોદરા

C. I. SHAH & CO
CHARTERED ACCOUNTANTS

CA CHANDRESH I. SHAH
L.L.B.(SP), F.C.A., D.I.S.A.(ICAI)
CA PIYUSH I. SHAH
B.COM. (HONS), F.C.A., D.I.S.A. (ICAI)
CA NIKESH H. SHAH
M.COM., F.C.A., C.S., C.W.A. (INTER)

To,
The Members
ST. JOHN AMBULANCE (INDIA)
Vadodara District Centre,
Vadodara

We have audited the attached balance sheet and Income & Expenditure account of ST. JOHN AMBULANCE (INDIA), VADODARA DISTRICT CENTRE for the year ended on 31st March 2023. These financial statement are the responsibility of the District Centre, our responsibility is to express an opinion on these financial statement based on our audit report.

We report as under:

1. We have obtained all the information and explanations, which in our opinion were necessary for the purpose of the audit.

2. In Our opinion, proper books of accounts as required by law have been kept by Society; so far as it appears from our examination of the books

3. The Balance Sheet and Income & expenditure accounts dealt with by this report are in agreement with books of account maintained by the District Centre.

4. In Our Opinion and to the best of our information and according to the Explanations given to us, the annexed accounts give true and fair views:

   - In the case of Balance sheet of the state of affairs of ST.JOHN AMBULANCE (INDIA) as on 31st March 2023.

   - In the case of Income & Expenditure account of the Surplus for the year ended on 31st March 2023.

For C.I.Shah & Co.
Chartered Accountants

CA Chandresh I. Shah
Partner (M. No. – 045212)

Dated: 18TH OCT 2023
Place: Vadodara

Unique Document Identification Number **(UDIN) :- 23045212BGWYDK3838**

"Radha Krishna" GF-1, Nand Complex, Opp. Faculty of Technology, Shankar Tekari, Dandia Bazar, Vadodara - 1.
63516 54493 | 94278 41501 | 97225 75189
ca_cishah@hotmail.com | canikeshshah@gmail.com

# ST. JOHN AMBULANCE (INDIA), VADODARA DISTRICT CENTRE

## INCOME & EXPENDITURE ACCOUNT FOR THE YEAR ENDED ON 31st MARCH 2023

| EXPENDITURE | AMOUNT | AMOUNT | INCOME | AMOUNT | AMOUNT |
|---|---|---|---|---|---|
| **BUILDING EXPENSES :** | | 27,753.00 | **INTEREST :** | | 182,968.00 |
| Electricity Charges A/c | - | | On FD with Bank A/c | 145,520.00 | |
| Depreciation A/c | 27,753.00 | | On Saving Bank A/c | 35,458.00 | |
| | | | On Income Tax Refund A/c | 1,990.00 | |
| **ESTABLISHMENT EXPENSES :** (As per Schedule : A) | | 577,980.71 | **FIRST AID CLASS INCOME:** | | 827,153.00 |
| | | | First Aid Awareness | 17,000.00 | |
| **AUDIT FEES :** | | 8,142.00 | First Aid Class Fees Receipt | 487,050.00 | |
| | | | First Aid Training Fees | 301,400.00 | |
| | | | Travelling Charges | 7,218.00 | |
| **EXPENDITURE ON OBJECT OF THE SOCIETY :** | | | Annual Membership A/c | 14,485.00 | |
| Medical Relief | | 258,663.00 | | | |
| **FIRST AID CLASS EXPENSES:** | | | | | |
| Conveyance Exp A/c | 1,200.00 | | | | |
| Doctor Honorariuam A/c | 171,200.00 | | | | |
| First Aid Certificate Fees A/c | 58,185.00 | | | | |
| Food/Hotel Exp A/c | 2,710.00 | | | | |
| Travelling Exp. A/c. | 25,368.00 | | | | |
| **EXCESS OF INCOME OVER EXPENSES** | | **137,582.29** | | | |
| **TOTAL RS.** | | **1,010,121.00** | **TOTAL RS.** | | **1,010,121.00** |

As per Our report of even date annexed

For C. I. SHAH & CO.
Chartered Accountants
ICAI Firm Reg.No 111862 W
UDIN :- 23045212BGWYDK8838

(CA CHANDRESH I.SHAH)
Partner (M. No. – 045212)

AT: Vadodara

The above balance sheet to the best of my/ our belief contains a trust account of funds, liabilities and of the properties and assets of the trust
For The Indian Red Cross Society, Vadodara District Branch

St. John Ambulance (India), Vadodara

**For St John Ambulance**

Trustee Hon. Secretary Trustee Treasurer Chairman

Dated : 18/10/2023

# ST. JOHN AMBULANCE (INDIA), VADODARA DISTRICT CENTRE

## BALANCE SHEET AS AT 31ST MARCH 2023

| FUNDS AND LIABILITIES | AMOUNT | AMOUNT | ASSETS | AMOUNT | AMOUNT |
|---|---|---|---|---|---|
| **LIFE MEMBERSHIP FUND:** | | 96,840.00 | **FIXED ASSETS:** | | 249,505.00 |
| Balance as per last B/s. | 86,990.00 | | (As per Schedule 'B') | | |
| **Add : During the year** | 9,850.00 | | **INVESTMENTS :** | | 2,790,075.00 |
| **Less : Contribution to State Branch** | - | | (As per Schedule 'C') | | |
| | | | FDR with Bank (B.O.B) | 2,290,075.00 | |
| | | | FDR with Union Bank Of India | 500,000.00 | |
| **ASSOCIATE LIFE MEMBERSHIP FUND:** | | 1,360.00 | **DEBTORS :** | | 1,149,384.00 |
| | | | Indian Red Cross Society A/c | 1,083,384.00 | |
| | | | ONGC Cambay | 39,000.00 | |
| **OTHER EARMARKED FUND:** | | | Sun Pharmaceutical Industries Ltd Dahej | 27,000.00 | |
| Community Service Fund | | 2,800,000.00 | | | |
| Balance As per Last B/s | 2,800,000.00 | | **CASH & BANK BALANCES :** | | 1,530,620.95 |
| **Add : During the year** | - | | BOB Raopura Branch (Bank Balance) | 1,334,470.89 | |
| | | | SB A/c No. 01980100000298 | | |
| **OTHER LIABILITIES :** | | 25,152.00 | Union Bank (Bank Balance) | 195,276.06 | |
| Sundry Creditors | | | SB A/c No. 520101240381080 | | |
| Kishorbhai Rana | 8,600.00 | | Cash On Hand | 874.00 | |
| Rikin Makwana | 4,152.00 | | | | |
| St. John Gujarat State Centre | 750.00 | | **TEX DEDUCTED (TDS)** | | 43,800.00 |
| Virendrabhai Pagi | 11,650.00 | | Balance as per last B/s | 64,210.00 | |
| | | | **Add: during the year [ FY 2022-2023]** | 43,800.00 | |
| **INCOME & EXPENDITURE ACCOUNT:** | | | **Less: Received during the year** | 64,210.00 | |
| Balance As per Last B/s | 2,702,450.66 | | **Less: Incom Tax For AY 2021-2022** | - | |
| Excess of Income Over Expenditure | 137,582.29 | 2,840,032.95 | | | |
| | | | | | |
| **TOTAL RS.** | | **5,763,384.95** | **TOTAL RS.** | | **5,763,384.95** |

As per Our report of even date annexed

For C.I.SHAH & CO.
Chartered Accountants
ICAI Firm Reg.No 111862 W
UDIN :- 23045212BGWYDK3838

(CA CHANDRESH I.SHAH)
Partner (M. No. – 045212)

The above balance sheet to the best of my/ our belief contains a trust account of funds, liabilities and of the properties and assets of the trust

For The Indian Red Cross Society, Vadodara District Branch

**For St John Ambulance**

St. John Ambulance (India), Vadodara

Hon. Secretary    Treasurer    Chairman

Trustee    Trustee

Dated : 18/10/2023
AT: Vadodara

# ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી વડોદરા
# દ્વારા સંચાલિત

# ફિઝીયોથેરાપી સેન્ટર

**ઉપલબ્ધ સારવાર તદ્દન રાહત દરે**

- ગાદી તથા મણકાને લગતી સારવાર
- લકવાગ્રસ્ત વ્યક્તિની સારવાર
- સેરેબ્રલપાલ્સી – બાળકોની સારવાર
- ખભાના, ઘૂંટણના, એડીના, કોણી, કમરના, દુ:ખાવાની સારવાર
- અકસ્માતમાં થયેલ ફ્રેક્ચર પછીની સારવાર
- ડિ.વિ.ટી. ની સારવાર
- ઓપેરેશન પહેલા અને પછીની સારવાર
- જોઇન્ટ રીપ્લેસમેન્ટ પહેલા અને પછી ની સારવાર
- કંપવાની સારવાર
- કોઈપણ ન્યુરોલોજીકલ અને મસ્ક્યુલોસ્કેલેટલ ડિસઓર્ડરને લગતી સારવાર
- Gait and balance training
- ગર્ભાવસ્થા દરમ્યાન અને પછીની સારવાર

**ઉપલબ્ધ સુવિધાઓ**

- Scanner Laser (સ્કેનર લેસર)
- IPC Device (આઈ.પી.સી.ડિવાઇસ)
- DTS (ડી.ટી.એસ)
- Slide State SWD (સ્લાઇડ સ્ટેટ એસ.ડબ્લ્યુ.ડી)
- Interferential Therapy (ઇન્ટરફેરેશિયલ થેરાપી)
- Cervical and Lumber Traction
- (સર્વાઇકલ અને લંબર ટ્રેકશન)
- Ultra Sound (અલ્ટ્રા સાઉન્ડ)
- Electrical Stimulation (ઈલેક્ટ્રીકલ સ્ટીમ્યુલેશન)
- Paraffin Wax Bath (પેરાફિન વેક્સ બાથ)
- Infra-Red (ઇન્ફ્રા રેડ)
- CPM (સી.પી.એમ)
- TENS (ટેન્સ)
- Moist heat (મોઈસ્ટ હિટ)
- Kinesiology taping (કાઇનેસિઓલોજી ટેપિંગ)

અમ્યોદાયા ભવન જૈન ભોજનાલાય, જય પ્રકાશ સોસાયટી, ન્યુ એરા સ્કૂલની બાજુમાં, પેન્શનપુરા, નિઝામપુરા, વડોદરા, 390002
વધુ માહિતી માટે સંપર્ક કરો: 0265-2413382, 9099552154

# ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી વડોદરા

રેડ ક્રોસ બિલ્ડિંગ પોલીસ પરેડ ગ્રાઉંડની સામે, GPO પાસે, રાવપુરા, વડોદરા 390001
ફોન: 0265-2413382 **(M)** 9099552154 Website: www.redcrossvadodara.org

## FULL BODY PROFILE
**At Just Rs. 2800/-**


- Calcium
- FBS/RBS
- CBC
- MP
- ESR
- Lipid profile
- T3
- T4
- TSH
- Urea
- Renal function test
- HBA1C
- Potassium
- PO4
- Liver function test
- Uric Acid
- Vitamin B12
- Vitamin D3
- Urine Routine Micro
- HIV & HBSAG

# Indian Red Cross Society Vadodara

Red Cross Building, Opp. Police Parade Ground, Near GPO,
Raopura, Vadodara Contact:0565-2413382 Mo- 9099552154








## BASIC BODY PROFILE
**At Just Rs. 700/-**

- Vitamin B12
- FBS/RBS
- Urine Routine Micro
- Lipid Profile
- PSA/FT4
- CBC
- Calcium
- Total Cholesterol
- HBA1C
- MP (Malaria Parasite)
- TSH
- SGPT(AST)
- SGOT(ALT)
- ESR



## Regular Body Checkup
**At just Rs. 1400/-**